
# CBSE સ્કૂલોએ પણ રાજ્ય સરકારનો ફીનો કાયદો અનુસરવો પડે છે : ચેરમેન

અમદાવાદ, તા.૨૬

રાજ્ય સરકારે ફી નિર્ધારણનો જે કાયદો અમલી બનાવ્યો તે તદ્દન ગેરબંધારણીય હોવાનો અને પોતે સીબીએસઈ સંલગ્ન હોવાથી આ કાયદો તેમને લાગુ પડતો ન હોવાના દાવા સાથે બેફામ ફી ઉઘરાવતી સીબીએસઈ સ્કૂલોએ હાઈકોર્ટમાં જે દલીલો કરી છે તેને ખુદ સીબીએસઈના ચેરમેને જ નકારી કાઢ્યો છે. શહેરની મુલાકાતે આવેલા ચેરમેન રાજેશકુમાર ચતુર્વેદીએ સ્પષ્ટપણે કહ્યું કે, ગુજરાત સરકારે બનાવેલો ફી નિયમન એક્ટ સીબીએસઈની સ્કૂલોને પણ લાગુ પડે જ છે. બોર્ડ તો માત્ર સ્કૂલોના નિરીક્ષણ અને પરીક્ષા વ્યવસ્થા જેવી કામગીરી જ સંભાળે છે. વાલીઓ તેમજ સ્કૂલ મેનેજમેન્ટ સાથે મળીને ફીનું ધોરણ નક્કી કરે તે જ હિતાવહ છે.




ગુજરાત સરકારે ફી નિયમન કાયદો લાગુ કરતાં જ લાખો રૂપિયાની ફી ઉઘરાવતી CBSE સ્કૂલોના સંચાલકો અકળાયા હતા અને કાયદાની અવગણના કરી હતી. અને શિક્ષણ વિભાગ તેમજ વાલીઓને ગેરમાર્ગે દોરતાં સંચાલકો એવો દાવો કરતા હતા કે, અમારી સ્કૂલોને રાજ્ય શિક્ષણ વિભાગ સાથે કોઈ લેવા દેવા નથી.

## નીટ-જેઈઈ જેવી નેશનલ પરીક્ષાઓ 'નેશનલ ટેસ્ટિંગ એજન્સી'ને સોંપવા કવાયત

નેટ, નીટ, જેઈઈ સહિતની નેશનલ પરીક્ષાઓ હાલમાં સીબીએસઈ બોર્ડ દ્વારા લેવામાં આવે છે. જોકે આ પરીક્ષાઓમાં અભ્યાસક્રમને લઈ વારંવાર વિવાદો સામે આવે છે. જેથી હવે આગામી સમયમાં આ નેશનલ પરીક્ષા લેવા માટે એક અલગથી એજન્સી નીમાશે. જેના માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી નિમવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. ફાઈનલી નિર્ણય લેવાય તો આગામી વર્ષે લેવાતી આ તમામ પરીક્ષા સીબીએસઈ બોર્ડના બદલે આ સ્વાયત એજન્સીને લેવાની જવાબદારી સોંપવામાં આવશે.